# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેકટર-૧૦-એ,ગાંધીનગર

પીએબીએક્સ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭


## જાહેરાત

ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ દ્વારા નીચે દર્શાવેલ જગ્યાઓ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત અને ગુજરાતી ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ પે |
|---|---|---|---|
| ૧ | એન્વાયરમેન્ટ ઇમ્પેકટ એનાલીસ્ટ | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦ |
| ૨ | ફાઇનાન્સીયલ એનાલીસ્ટ | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦ |
| ૩ | મેનેજર (કોર્પોરેટ પ્લાનીંગ) | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦ |
| ૪ | નાયબ મેનેજર(વહીવટ) (સા.શૈ.પ.) | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે.-૫૪૦૦ |

ઉપરોકત જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ, વયમર્યાદા,તથા અનામત જગ્યાઓની માહિતી બોર્ડની વેબસાઇટ **http://www.gwssb.org** અને ઓજસની વેબસાઇટ **http://ojas.guj.nic.in** ઉપરથી મળી શકશે.

રસ ધરાવતા ઉમેદવારોએ તા.૨૭/૦૮/૨૦૧૫(૧૪-૦૦ કલાક) થી તા.૦૭/૦૯/૨૦૧૫ (રાત્રીના ૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન **http://ojas.guj.nic.in** પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ બોર્ડની વેબસાઇટ **http://www.gwssb.org** અને ઓજસની વેબસાઇટ **http://ojas.guj.nic.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.

સભ્ય સચિવ

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનુ સાહસ)

!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેકટર-૧૦-એ,ગાંધીનગર

પીએબીએકસ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭ વેબસાઇટ " www.gwssb.org "

## જાહેરાત

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ જગ્યાઓ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત,અનુભવ અને ગુજરાતી ભાષાનુ જ્ઞાન ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ-પે | શૈક્ષણિક લાયકાત અને અનુભવ તથા અનામત | વય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | એન્વાયરમેન્ટ ઇમ્પેકટ એનાલીસ્ટ | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦ | **શૈક્ષણિક લાયકાત** :<br>માન્ય યુનિ.ની એન્વારમેન્ટ એન્જીનીયરીંગની માસ્ટર ડીગ્રી. અથવા સમકક્ષ લાયકાત<br>**કોમ્પ્યુટરની જાણકારી**<br>ગુજરાત સીવીલ સર્વિસીઝ કોમ્પ્યુટર કોમ્પીટન્સી ટ્રેઇનીંગ અને એકઝામીનેશન રૂલ્સ-૨૦૦૬ અન્વયે કોમ્પ્યુટરની જાણકારી અંગેની કવોલીફાઇડ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.<br>**અનુભવ**<br>શૈક્ષણિક લાયકાત બાદ એન્વારમેન્ટ એન્જીનીયરીંગના ક્ષેત્રનો પાંચ વર્ષનો વ્યવસાયિક અનુભવ. સરકારી/ બોર્ડ/ નિગમની કચેરીમાં અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૨ | ફાઇનાન્સીયલ એનાલીસ્ટ | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦ | **શૈક્ષણિક લાયકાત** :<br>માન્ય યુનિ.ની માસ્ટર ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (એમ.બી.એ.ફાયનાન્સ)માં પોસ્ટ ગ્રેજયુએટની ડીગ્રી. અથવા ચાર્ટડ એકાઉન્ટન્ટની ડીગ્રી<br>અથવા રેપ્યુટેડ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ/ માન્ય યુનિ.માંથી કરેલ સી.એફ.એ<br>**કોમ્પ્યુટરની જાણકારી**<br>ગુજરાત સીવીલ સર્વિસીઝ કોમ્પ્યુટર કોમ્પીટન્સી ટ્રેઇનીંગ અને એકઝામીનેશન રૂલ્સ-૨૦૦૬ અન્વયે કોમ્પ્યુટરની જાણકારી અંગેની કવોલીફાઇડ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.<br>**અનુભવ**<br>શૈક્ષણિક લાયકાત બાદ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ ક્ષેત્રનો પાંચ વર્ષનો વ્યવસાયિક અનુભવ. સરકારી/ બોર્ડ/ નિગમની કચેરીમાં અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૧૮ થી ૩૫ વર્ષ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | મેનેજર (કોર્પોરેટ પ્લાનીંગ) | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦ | **<u>શૈક્ષણિક લાયકાત</u>** :<br>માન્ય યુનિ.ની બીઝનેસ મેનેજમેન્ટ (એમ.બી.એ.ફાયનાન્સ અને માર્કેટીંગ) માં માસ્ટર ડીગ્રી અથવા સમકક્ષ લાયકાત<br>**<u>કોમ્પ્યુટરની જાણકારી</u>**<br>ગુજરાત સીવીલ સર્વિસીઝ કોમ્પ્યુટર કોમ્પીટન્સી ટ્રેઇનીંગ અને એકઝામીનેશન રૂલ્સ-૨૦૦૬ અન્વયે કોમ્પ્યુટરની જાણકારી અંગેની કવોલીફાઇડ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.<br>**<u>અનુભવ</u>**<br>શૈક્ષણિક લાયકાત મોટા ઓર્ગેનાઇઝેશનમાં કોર્પોરેટ પ્લાનીંગના ક્ષેત્રમાં પાંચ વર્ષનો વ્યવસાયિક અનુભવ. સરકારી/ બોર્ડ/ નિગમની કચેરીમાં અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૪ | નાયબ મેનેજર(વહીવટ) | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે.-૫૪૦૦ | **<u>શૈક્ષણિક લાયકાત</u>**<br>(અ)બીજા વર્ગ સાથે સ્નાતકની પદવી અથવા ડીગ્રી/ ડીપ્લોમા ઇન લેબર/સોશ્યલ વેલફેર/પરસોનલ મેનેજમેન્ટ. (બ) કાયદાની ડીગ્રીને વધારાની લાયકાત તરીકે ગણવામાં આવશે.<br>**<u>અનુભવ :</u>**<br>સ્નાતક ઉમેદવારો માટે વહીવટી કામો જેવા કે મેન્ટેનન્સ ઓફ પર્સોનલ રેકોર્ડ/ઓફીસ મેન્ટેનન્સ /ફાઇલીંગ /હાઉસ કીપીંગ વિગેરેમાં સ્વતંત્ર રીતે કામગીરીનો ૦૭ (સાત) વર્ષનો અભુનવ.<br>**<u>અથવા</u>**<br>ઉપર મુજબનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા અનુ.સ્નાતક ઉમેદવારો ડીગ્રી / કાયદામાં ડીપ્લોમા /લેબર વેલફેર / સોશ્યલ વેલફેર.<br>**<u>કોમ્પ્યુટરની જાણકારી</u>**<br>સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા હોવો જોઇએ.<br>**<u>અનામત</u>** :<br>નાયબ મેનેજર(વહીવટ)ની જગ્યા સા.શૈ.પ. ના ઉમેદવારથી ભરવામાં આવશે. | ૧૮ થી ૩૭ વર્ષ |

**<u>જાહેરાતની સામાન્ય જોગવાઇઓ :</u>**

(૧) રસ ધરાવતા ઉમેદવારોએ **<u>તા.૨૭/૦૮/૨૦૧૫(૧૪-૦૦ કલાક) થી તા.૦૭/૦૯/૨૦૧૫ (૨૩-૫૯ કલાક)</u>** દરમ્યાન **http://ojas.guj.nic.in** પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **http://ojas.guj.nic.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.

(૨) **<u>અનામત :</u>** મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ,અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દવારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનુ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

**(3)** **<u>વયમર્યાદા :</u>**
અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવાર કોલમ નં-૬ માં દર્શાવેલ વય ધરાવતા હોવા જોઇએ. ઉમેદવારની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.

(૪) <u>વયમર્યાદામાં છુટછાટ :</u>

(એ) મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત વર્ગોના ઉમેદવારો જો બીન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે નહી.

(બી) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહીલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

(સી) જો સ્ત્રી ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો પુરૂષ ઉમેદવારથી જગ્યા ભરવામાં આવશે

(ડી) અશકતતા ધરાવતા ઉમેદવારે ૪૦ થી ૭૫ ટકા અશકતતા ધરાવે છે તેવુ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.ર થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્ર રજુ કર્યેથી ઉપલી વયમર્યાદામાં ૧૦ (દશ) વર્ષની છુટછાટ મળશે.

(ઇ) તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં છુટછાટ સાથે કોઇ પણ સંજોગોમાં નિયત તારીખે ઉંમર ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

(એફ) ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડમાં હંગામી મહેકમ ઉપર ફરજ બજાવતા ઉમેદવારને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૫) રાષ્ટ્રીયતા : ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઇએ.

(૬) ઉમેદવાર ગુજરાતી / હિન્દી અથવા બન્ને ભાષાનુ પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ

(૭) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯/૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાંકીય વર્ષ-૨૦૧૪-૨૦૧૫ નુ તા.૦૧/૦૪/૨૦૧૫ પછીનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૮) ગુજરાત સરકારના સરકારી/અર્ધ-સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પસંદગી પામેલ ઉમેદવારે સક્ષમ અધિકારીનુ ના-વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૦૯) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દવારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૧૦) ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૧૧) ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂંક બોર્ડ દ્વારા બોર્ડ કચેરી તેમજ રાજયમાં આવેલ બોર્ડના નિયંત્રણ હેઠળની અન્ય કચેરીમાં કરવાપાત્ર રહેશે.

(૧૨) <u>**અરજી ફી સ્વીકારવા / જમા કરાવવા અંગે .**</u>

(એ) જનરલ કેટેગરીના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૨૦૦/- અને રૂ.૧૨/-** સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૨૧૨/-** ભરવાના રહેશે.

(બી) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૧૦૦/-અને રૂ.૧૨/-**સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૧૧૨/-**ભરવાના રહેશે.

(સી) ઉમેદવાર જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની

સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લઇ ચલણ સાથે કોઇ પણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફીસમાં ફીની રકમ રોકડેથી ભરવાની રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક લાવવાની રહેશે.

(ડી) જો ઉમેદવાર ફી ભર્યાની નકલ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી.

(ઇ) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

(એફ) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તારીખ. ૦૮/૦૯/૨૦૧૫ રહેશે.

(જી) ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

(૧૩) **અરજી કરવાની રીત** :

(૧)રસ ધરાવતા ઉમેદવારોએ **તા.૨૭/૦૮/૨૦૧૫(૧૪-૦૦ કલાક) થી તા.૦૭/૦૯/૨૦૧૫ (૨૩-૫૯ કલાક)** દરમ્યાન **http://ojas.guj.nic.in** પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **http://ojas.guj.nic.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.(૨)સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં **http://ojas.guj.nic.in** પર જવુ. હવે (૩)**Apply On Line** પર **Click** કરવાથી ભરવાપાત્ર જાહેરાતનો જાહેરાત ક્રમાંક , નામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે.(૪) અરજી કરવા ઇચ્છતાં ઉમેદવારે નીચે **Apply Now** પર **Click** કરવાથી **Application Format** દેખાશે, **Application Format** માં સૌ પ્રથમ " **Personal Details** " ઉમેદવારે ભરવાની રહેશે. અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) **Personal Details** ભરાયા બાદ " **Educational Details** " ભરવા માટે **Educational Details** પર **Click** કરવુ. (૬) તેની નીચે **Self Declaration** માં **Yes /No** પર **Click** કરવુ.(૭) હવે **Save** પર **Click** કરવાથી તમારી અરજીનો ઓન લાઇન સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો **Application Number Generate** થશે. જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે. (૮) હવે પેજ ઉપરના ભાગમાં **Upload Photo** પર **Click** કરો, અહીં તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યારબાદ **OK** પર **Click** કરો. અહીં **Photo** અને **Signature Upload** કરવાના છે( ફોટોનુ માપ ૫ સે.મી.ઉંચાઇ અને ૩.૬ પહોળાઇ અને **Signature** નુ માપ ૨.૫ સે.મી.ઉંચાઇ અને ૭.૫ સે.મી.પહોળાઇ રાખવી). **Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature JPG Format** માં **(15 KB) Size** થી વધારે નહી તે રીતે **Computer** માં હોવો જોઇએ." **Browse Button** " પર **Click** કરો. હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **JPG Format** માં તમારો ફોટો સ્ટોર થયેલ છે. તે ફાઇલને **Select** કરો અને " **Open Button** " ને કલીક કરો. હવે **Browse Button** " ની બાજુમાં " **Upload Button** " પર **Click** કરો. જેથી બાજુમાં તમારો ફોટો દેખાશે. હવે આ જ રીતે **Signature** પણ **Upload** કરવાની રહેશે.(૯) હવે પેજના ઉપરના ભાગમાં " **Confirm Application** " પર **Click** કરો. જયાં **Application Number** તથા **Birth Date Type** કર્યાબાદ **Ok** પર **Click** કરવાથી બે બટન (૧)**Application Preview** (૨) **Confirm Application** દેખાશે. ઉમેદવારે **Application Preview** પર **Click** કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **Edit Application** પર **Click** કરીને સુધારો કરી લેવો. અરજી **Confirm** કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી **Confirm** કર્યા બાદ કોઇ પણ પ્રકારનો સુધારો થઇ શકશે નહી. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **Confirm Application** પર **Click** કરવુ. **Confirm Application** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો ઓનલાઇન સ્વીકાર થઇ જશે અહીં " **Confirmation Number** " **Generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોય ઉમેદવારે સાચવવાનો રહેશે. **Confirmation Number** સિવાય કોઇ પણ પત્ર વ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇ પણ કાર્યવાહી કરી શકશે નહી. આ નંબર

ભવિષ્યમાં આ જાહેરાતના સંદર્ભમાં કોઇ પણ પત્ર વ્યવહારમાં સંદર્ભ તરીકે દર્શાવવાનો રહેશે. (૧૦)હવે " **Print Application** " પર **Click** કરવુ.અહીં તમારો **Confirmation Number** ટાઇપ કરવો અને **Print** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી (૧૧) **Confirm** થયેથી તુરત જ અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર આપને **SMS** મળશે. જેથી અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી.

રૂબરૂ ચકાસણી દરમ્યાન ઉમેદવારે **On Line** અરજીપત્રકમાં બતાવેલી જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અને અન્ય લાયકાતો બાબતે જો કોઇ વિસંગતતા માલુમ પડશે તો તેઓની અરજી / નિમણૂંક રદ થવાને પાત્ર રહેશે.

(૧૪) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(૧૫) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણૂંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

(૧૬) આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો બોર્ડને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે.

(૧૭) આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત/મૌખિક પરીક્ષા બાબતે બોર્ડના સક્ષમ અધિકારીશ્રી દવારા નિર્ણય કરવામાં આવશે.

(૧૮) આ જાહેરાત અંગે પૂછપરછ માટે કચેરી સમય દરમ્યાન: **૦૭૯-૨૩૨૨૯૧૬૨** ફોન નંબર ઉપર સંપર્ક કરી શકાશે.

સભ્ય સચિવ